# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૭ | ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સરહદ પર યુદ્ધના ઓછાયા : ભારત સજ્જ

## પાકનું એફ-૧૬ વિમાન તોડી પડાયું

**પાકિસ્તાની વિમાન ભારતીય ક્ષેત્રમાં ઘુસતા ફુંકી મારવામાં આવ્યું : આતંકવાદી અડ્ડાઓને ફૂંકી મારવા હવાઈ હુમલા કરાયાના એક દિવસ બાદ બે પાક વિમાનોની ભારતમાં ઘુસણખોરી : એલર્ટ જવાનોએ વિમાનો ખદેડ્યા**





નવી દિલ્હી, તા. ૨૭

પુલવામામાં સીઆરપીએફના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ જવાબી કાર્યવાહીરુપે ભારતીય હવાઈ દળે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા બાદ સ્થિતિ ખુબ જ વિસ્ફોટક બની ગઈ છે. ભારતના હવાઈ હુમલાથી પરેશાન થયેલા પાકિસ્તાને આજે સવારે ભારતીય સરહદમાં ઘુસણખોરી કરવાના પ્રયાસ કર્યા હતા. આજે સવારે પાકિસ્તાનનું એફ-૧૬ વિમાન નૌશેરા સેક્ટરમાં ઘુસી ગયું હતું અને પરત ફરતી વેળા કેટલાક બોંબ પણ ઝીંક્યા હતા. જો કે, આમા કોઈ નુકસાન થયું હોવાની માહિતી મળી નથી. જો કે, ભારતમાં પાકિસ્તાનના વિમાન ઘુસ્યા બાદ એક વિમાનને હવાઈ દળના વિમાનોએ પીછો કરીને તોડી પાડ્યું હતું. એફ-૧૬ વિમાન તોડી પાડવામાં આવ્યું હતું. ભારતીય હવાઈ દળના જવાબી પગલામાં એફ-૧૬ તુટી પડ્યું હતું અને આ વિમાન પાકિસ્તાની ક્ષેત્ર લામમાં પડ્યું હતું. પાયલોટ અંગે માહિતી મળી શકી નથી. આ પહેલા બે યુદ્ધ વિમાનના ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરવાના અહેવાલ આવ્યા હતા અને તેમને ખદેડી મુકવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા હતા. નવેસરની કાર્યવાહી મુજબ પાકિસ્તાનનું એફ-૧૬ વિમાન તોડી પાડવામાં આવ્યું હતું. ભારતની જવાબી કાર્યવાહીમાં આ વિમાન તોડી પડાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રધાનમંત્રી સાથે ઉચ્ચસ્તરીય શ્રેણીબદ્ધ બેઠકોનો દોર

નવી દિલ્હી, તા. ૨૭


ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વિસ્ફોટક સ્તરે પહોંચ્યા બાદ આજે પણ બેઠકોનો દોર જારી રહ્યો હતો. ભારતમાં ટોપ સ્તરે બેઠકો જારી રહી હતી. મોડી સાંજે ભારતીય સેનાના વડા બિપીન રાવત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને ઉભી થયેલી સ્થિતિ અંગે તેમને વાકેફ કર્યા હતા. સાંજે ૬.૩૦ વાગ્યાની આસપાસ બિપીન રાવત વડાપ્રધાનને મળવા માટે પહોંચ્યા હતા. બેઠકમાં અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. બીજી બાજુ સરહદ પર તંગદિલી વચ્ચે ટોપ સ્તર પર બેઠકોનો દોર જારી રહ્યો હતો. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે અગાઉ વાતચીત કરી હતી. ત્યારબાદ બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહે હાજરી આપી હતી. એનએસએ ઉપરાંત ગૃહ સચિવ સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકોના દોર વચ્ચે ઉભી થયેલી સ્થિતિ ઉપર પણ નજર રાખવામાં આવી રહી હતી. રાજનાથસિંહે રાજ્યોના ટોપ સુરક્ષા લીડરો સાથે બેઠક યોજી હતી. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે પણ બેઠકોનો દોર જારી રાખ્યો હતો. ચીન અને રશિયાની સાથે સુષ્મા સ્વરાજે બેઠક યોજી હતી. આતંકવાદના હુમલા બાદ તમામ દેશો ભારતની નીતિ સાથે ઉભા થયેલા છે. આજે ઘટનાક્રમના દોર વચ્ચે સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને આર્મી વડા બિપીન રાવત, ચીફ ઓફ એરસ્ટાફ એરચીફ માર્શલ વિરેન્દ્રસિંહ ધનોવા, નેવી ચીફ એડમિરલ સુનિલ લાંબા સાથે બેઠક યોજી હતી.

## પાયલોટની સહિસલામત પરત માટે ભારતની માંગ

**તંગદિલીની વચ્ચે પાકિસ્તાનના ડેપ્યુટી હાઈકમિશનર સૈયદ હૈદર શાહને સાઉથ બ્લોકમાં બોલાવી પાકિસ્તાની વર્તનની વાત કરાઈ**

નવી દિલ્હી, તા. ૨૭

પાકિસ્તાન તરફથી આજે સવારે હુમલાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યા બાદ ભારતે પડોશી દેશ પાકિસ્તાનના હાઈકમિશનરને બોલાવવામાં આવ્યા હતા અને તેમની સમક્ષ વાંધાજનક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાઈકમિશનરને બોલાવીને પાકિસ્તાનની હરકતો અંગે વાત કરવામાં આવી હતી. સાથે સાથે ભારતે બાનમાં રાખવામાં આવેલા ભારતીય પાયલોટની સુરક્ષિત વાપસીની રજૂઆત કરી હતી.



ભારતીય વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાન ભારતમાં લશ્કરી સ્થળોને ટાર્ગેટ કરવા હવાઈ દળનો ઉપયોગ કરી રહ્યો છે પરંતુ આ બાબતને ચલાવી લેવાશે નહીં. ભારત સરકારે તેના પાયલોટને પરત કરવા અને સલામત પરત કરવા માટે કહ્યું છે. જો કે, આ સંદર્ભમાં સત્તાવારરીતે જાણી શકાયું નથી. આજે સાંજે ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા પાકિસ્તાનના ડેપ્યુટી હાઈકમિશનર સૌયદ હૈદર શાહને બોલાવીને તેમની સાથે વાત કરવામાં આવી હતી. સાઉથ બ્લોકના પાકિસ્તાનના પ્રિતિનિધિ આશરે ૫.૧૫ વાગે પહોંચ્યા હતા. અત્રે નોંધનીય છે કે, એક દિવસ પહેલા જ પાકિસ્તાનમાં ઘુસીને કાર્યવાહી કરવામાં આવી હતી. આજે પાકિસ્તાન દ્વારા હુમલાના પ્રયાસ કરાયા બાદ તેને નિષ્ફળ કરી દેવામાં આવ્યો હતો. ભારતે જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના એક વિમાનને ફુંકી માર્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવકતા રવિશ કુમારે કહ્યુ હતં કે, આ કાર્યવાહીમાં ભારતનું એક મિગ-૨૧ દુર્ઘટનાગ્રસ્ત થયું છે અને પાયલોટ લાપત્તા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતી જતી તંગદિલી વચ્ચે દુનિયાભરની નજર આ બે દેશ ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. અમેરિકા બાદ રશિયાનું નિવેદન પણ સપાટી ઉપર આવ્યું છે. રશિયાએ કહ્યું છે કે, રશિયા ભારત અને પાકિસ્તાન બંનેને સંયમ રાખવા માટે કહે છે. રશિયા હાલમાં વધી ગયેલી તંગદિલીને લઈને ચિંતાતુર છે. ભારતે આતંકવાદી અડ્ડાઓનો પર્દાફાશ કર્યા બાદ અને ત્રાસવાદી અડ્ડાઓનો ફૂંકી મારવામાં આવ્યા બાદ તંગદિલી વધી ગઈ છે.

## શોપિયામાં સુરક્ષાદળોએ જૈશના બે આતંકવાદીઓને ઠાર કરાયા

**એલઓસી પાસેની સ્કૂલોમાં રજા જાહેર કરાઈ, ઈન્ટરનેટ સેવા બંધ**



શ્રીનગર,તા.૨૭

પુલવામા આતંકવાદી હુમલા બાદ ભારતીય વાયુસેનાએ કરેલી એર સ્ટ્રાઈકથી પાકિસ્તાન બેબાકળું બની ગયું છે અને નિયંત્રણ રેખા પર સતત ફાયરિંગ કરી રહ્યું છે. જવાબમાં ભારતીય સેના પણ જડબાતોડ જવાબ આપી રહી છે. બીજી બાજુ દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળો અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. જેમાં અત્યાર સુધીમાં જૈશ-એ-મોહમ્મદના ૨ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યાં છે.

મળતી માહિતી મુજબ રહેણાંક મકાનમાં બેથી ત્રણ આતંકવાદીઓ છુપાયા છે. આ ક્ષેત્રમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળતા જ સેનાની ૨૩મી પેરામિલિટરી ફોર્સ. સીઆરપીએફ અને એસઓજીએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ.

દક્ષિણ કાશ્મીરના શોપિયા જિલ્લાના મામંડરમાં સેના અને આતંકીઓ વચ્ચે સતત ફાયરિગં કરવામાં આવી રહ્યું છે. ૨-૩ આતંકીઓએ આ વિસ્તારના મામંડરના એક ઘર પર કબજો જમાવીને ત્યાં છુપાયેલા છે. એક્રાઉન્ટરને ધ્યાનમાં રાખીને અહીંની ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. હાલ ફાયરિંગ રોકાઈ ગયું છે અને અહીં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

## પાક ત્રાસવાદી અડ્ડા નષ્ટ કરે : અમેરિકા

**એર સ્ટ્રાઇક બાદ કોઇ સૈન્ય કાર્યવાહી ન કરવા પાકિસ્તાનને સુચન : પોકમાં ઘુસી ભારત દ્વારા ત્રાસવાદી કેમ્પોને નષ્ટ કરવામાં આવ્યા બાદ કોઇ પણ જવાબી કાર્યવાહીથી દુર રહેવા પાકિસ્તાનને સ્પષ્ટ સુચના આપી દેવાઇ**

નવી દિલ્હી, તા. ૨૭

જમ્મુ કાશ્મીરના પુલવામા વિસ્તારમાં સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ ભારત દ્વારા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પોક)માં ઘુસીને ત્રાસવાદીઓના તમામ અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા બાદ હવે વિશ્વના દેશો ભારતની સાથે દેખાઇ રહ્યા છે. ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને અમેરિકાએ ભારતને ત્રાસવાદી કેમ્પો પર ભારતીય સેના દ્વારા ભીષણ હવાઇ હુમલા કરવામાં આવ્યા બાદ આ મુદ્દે સાથ આપીને તેની સાથે ઉભા હોવાની સાફ વાત કરી છે.

ઓસ્ટ્રેલિયા અને ફ્રાન્સ બાદ હવે અમેરિકાએ પણ ભારતની સાથે મજબુતી સાથે ઉભા રહીને કહ્યુ છે કે પાકિસ્તાનને હજુ ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવો પડશે. સાથે સાથે અમેરિકાએ ભારતના હવાઇ હુમલા બાદ કોઇ જવાબી કાર્યવાહીથી દુર રહેવા પાકિસ્તાનને સ્પષ્ટ સલાહ પણ આપી છે. અમેરિકાના વિદેશ પ્રધાન માઇક પોમ્પિયોએ પાકિસ્તાનને તેની જમીન પર સક્રિય રહેલા ત્રાસવાદી કેમ્પોને નષ્ટ કરવા માટે સાફ ચેતવણી આપી છે. પોમ્પિયોએ એમ પણ કહ્યુ છે કે જો પાકિસ્તાન દ્વારા ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવામાં આવશે તો જ બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપિત થઇ શકે છે.




## અમેરિકા લાદેનને મારી શકે છે તો બધી બાબતો શક્ય છે

**મસુદ અઝહરના સંદર્ભમાં જેટલીનો પરોક્ષ રીતે ઇશારો**

નવી દિલ્હી, તા. ૨૭

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતી જતી તંગદિલી વચ્ચે આજે નાણામંત્રી અરુણ જેટલીએ મોટુ નિવેદન કર્યું હતું. જેટલીએ નિવેદન કરતા કહ્યું હતું કે, જ્યારે અમેરિકા એબટાબાદમાં જઈને અલકાયદાના લીડર ઓસામા બિન લાદેનને મોતને ઘાટ ઉતારી શકે છે અને તેને મારી નાંખ્યા બાદ તેના મૃતદેહને પોતાની સાથે લઈને જઈ શકે છે તો અમે પણ આવું જ કરી



પાકિસ્તાનના એબટાબાદમાંથી ઓસામા બિન લાદેનને મારીને લઈ જઈ શકે છે તો આજે કંઈ પણ થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે, આજના સમયમાં તમામ બાબતો શક્ય છે. અત્રે નોંધનીય છે કે, ભારતીય હવાઈ દળે પાકિસ્તાનના બાલાકોટમાં ઘુસીને ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદના અડ્ડાઓને તોડી પાડ્યા હતા. જેટલીએ કહ્યું હતું કે જ્યારે અમેરિકાના નેવી સિલ કમાન્ડો શકવાની સ્થિતિમાં છે. આ માત્ર કલ્પના હતી. ઈચ્છા રહેતી હતી પરંતુ આજે તમામ બાબત શક્ય બની છે. બાલાકોટમાં ભારતીય હવાઈ દળના હુમલા બાદ પાકિસ્તાને ભારતીય સરહદમાં ઘુસવાના પ્રયાસ કર્યા હતા. ભારતીય હવાઈ દળે જવાબી કાર્યવાહી કરતા પાકિસ્તાની વિમાન પરત ફર્યા હતા.

જનરલ આસીફ ગફુરે કહ્યું હતું કે, ભારતીય સેનાના બે પાયલોટોને પકડી લેવામાં આવ્યા છે. એક પાયલોટ ઘાયલ છે જ્યારે બીજાને કોઈ નુકસાન થયું નથી. પાકિસ્તાની સેના દ્વારા અગાઉ એક વિડિયો જારી કરવામાં આવ્યો હતો જેમાં એક શખ્સની આંખ પર પાટા બાંધવામાં આવ્યા છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે તે ભારતીય હવાઈ દળના વિંગ કમાન્ડર અભિનંદન છે. વિડિયોમાં જોવામાં આવે છે કે, એક શખ્સ ભારતીય હવાઈ દળના અધિકારી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જો કે, આ વિડિયોની પ્રમાણિકતા સાબિત થઈ શકી નથી. પાકિસ્તાની સેના દ્વારા બે ભારતીય યુદ્ધવિમાનોને તોડી પાડવા અને બે પાયલોટોને પકડી પાડવાના પાકિસ્તાનના દાવા બાદ ભારતે પ્રતિક્રિયા આપી હતી.

વિદેશમંત્રાલયના પ્રવક્તા રવિશ કુમારે કહ્યું હતું કે, પાકિસ્તાનના યુદ્ધ વિમાન પર કાર્યવાહી કરતી વેળા તેમના એક વિમાનને તોડી પાડવામાં આવ્યું છે. અમારા એક મિગ પણ દુર્ઘટનાગ્રસ્ત થયા અંગેની માહિતી આપવામાં આવી છે.

## પાકિસ્તાન પરથી ભારતના વિમાનો ઉડાન ભરશે નહીં

**પાકિસ્તાન ઉપરથી ઉડાન નહીં ભરવાની સ્થિતિમાં યુરોપ અને અમેરિકામાં જવામાં બે કલાક વધુ લાગશે : પાકિસ્તાની વિમાન ભારતમાં ઘુસ્યા બાદ નિર્ણય**

નવીદિલ્હી,તા. ૨૭

પાકિસ્તાન સાથે સંબંધો ખરાબ થયા બાદ હવે પાકિસ્તાન ઉપર પણ કોઈપણ ભારતીય વિમાન ઉડાન ભરશે નહીં. રુટ અંગે નિર્ણય એર ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે. આજે સવારે પાકિસ્તાની હવાઈ દળના વિમાનો ભારતીય એરસ્પેશનો ભંગ કરીને ભારતમાં ઘુસી ગયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. પાકિસ્તાને પોતાના એરસ્પેશના ઉપયોગ પર પ્રતિબંધ મુકી દીધો છે. દિલ્હી એર ટ્રાફિક કન્ટ્રોલ તરફથી જારી કરવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે કે, લાહોર દ્વારા એરસ્પેશ પર પ્રતિબંધ મુકાયા બાદ હવે પાકિસ્તાની આકાશ પરથી વિમાન ઉડાન ભરશે નહીં. પાકિસ્તાન પરથી હાલમાં ભારતીય વિમાનો ઉડાન ભરી રહ્યા હતા. એરઈન્ડિયાએ પશ્ચિમ તરફ જતાં વિમાનો માટે નવા રુટ નિર્ધારિત કરવાનો નિર્ણય કર્યો છે. આજે બપોર બાદ દિલ્હીથી યુરોપ માટે એર ઈન્ડિયાની ફ્લાઈટ ઉડાન ભરનાર હતી પરંતુ પાકિસ્તાનના હવાઈ રસ્તા મારફતે જવાના બદલે અન્ય રુટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અફઘાનિસ્તાન થઈને પશ્ચિમી દેશો તરફ ફ્લાઈટો રવાના થઈ હતી. હવે ફ્લાઈટોના રુટ ફરીથી નક્કી કરવામાં આવશે. નવા રુટની જાહેરાત ટૂંકમાં જ કરવામાં આવશે. એર ઈન્ડિયા દ્વારા પહેલાથી જ તૈયારી કરવામાં આવી રહી છે.





ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225